नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नमः

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नमः

આગમ- ૨૫

# આતુરપ્રત્યાખ્યાન પ્રકીર્ણક

આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિદીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]


'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ–૨૫

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# ૨૫) આતુરપ્રત્યાખ્યાન પ્રકીર્ણક

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020  સોમવાર  તિથી– ૨૦૭૬, ચૈત્ર સુદ–૬

**અનુવાદક અને સંપાદક**

**આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી**

**[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]**

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડો૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

**Email: - jainmunideepratnasagar@gmail.com Mob  Mobile: - 09825967397**

**Web address:-  1) www.jainelibrary.org,  2) Deepratnasagar.in**

–: ટાઈપ સેટિંગ :–

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

–: પ્રિન્ટર્સ :–

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | | --- | --------------- | ----- |
| | | | | | | |
| | | | | | | |

# આગમસૂત્ર- ૨૫ ‘આતુરપ્રત્યાખ્યાન’

## પ્રકીર્ણક સૂત્ર– ૨ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો ?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| ૧ | પ્રરુપણા | ૦૬ | ૪ | અસમાધિ મરણ | ૦૮ |
| ૨ | પ્રતિક્રમણ આદિ આલોચના | ૦૬ | ૫ | પંડિતમરણ અને આરાધના | ૦૯ |
| ૩ | આલોચના દાયક-ગ્રાહક સ્વરૂપ | ૦૮ | --- | | |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:-** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:-** | 09 |
| | **-1- आगमसुत्ताणि-मूलं** print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- મૂળ) | 02 |
| | **-2- आगमसुत्ताणि-मूलं** Net | [45] | | -2- **आगम विषयानुक्रम सटीकं)** | 04 |
| | **-3- आगममञ्जूषा मूल प्रत)** | [53] | | -3- **आगम सूत्र-गाथा अनुक्रम** | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:-** | 165 | 6 | **आगम अन्य साहित्य:-** | 10 |
| | **-1-** આગમસૂત્ર ગુજરાતી અનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | -2- **आगम संबंधी साहित्य** | 02 |
| | -3- AagamSootra English Trans. | [11] | | **-3- ऋषिभाषित सूत्राणि** | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી અનુવાદ | [48] | | **-4- आगमिय सूक्तावली** | 01 |
| | **-5- आगमसूत्र हिन्दी अनुवाद** print | [12] | | **आगम साहित्य- कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:-** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- **आगम मूलं एवं वृत्ति -1** | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- **आगम मूलं एवं वृत्ति -2** | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- **सवृत्तिक आगमसूत्राणि**-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- **सवृत्तिक आगमसूत्राणि**-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:-** | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- **आगम-सागर-कोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- **आगमशब्दादिसंग्रह प्रा-सं-गु)** | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | **-5- आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ પુસ્તક | 85 |

**1-**આગમ સાહિત્ય કુલ પુસ્તક) **518**

2–આગમેતર સાહિત્ય કુલ પુસ્તક) **085**

દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય **603**

# [૨૫] આતુરપ્રત્યાખ્યાન

## પ્રકીર્ણકસૂત્ર–૨– ગુજરાતી ભાવાનુવાદ

**સૂત્ર–૧**

એક દેશવિરત સમ્યગ્દૃષ્ટિ જીવ જે મરે, તેને જિનશાસનમાં બાલપંડિત મરણ કહેલું છે.

**સૂત્ર–૨ થી ૫**

૨. દેશ યતિ (વિરતિ) ધર્મમાં પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતો હોય છે. દેશવિરત જીવો સર્વ વ્રતોથી કે એક, બે, ત્રણ વ્રત આદિ દેશથી યુક્ત હોય છે.

૩. પ્રાણીવધ, મૃષાવાદ, અદત્ત, પરસ્ત્રીગમન, અપરિમિત ઇચ્છા, એ બધાનું નિયમન અર્થાત તે તે દોષોથી વિરમણ(અટકવું) તે પાંચ અણુવ્રતો છે.

૪. જે દિગ્‌વિરમણ, અનર્થદંડ વિરમણ અને દેશાવકાસિક એ ત્રણે ગુણવ્રતો કહેવાય છે.

૫. ભોગનું પરિમાણ, સામાયિક, અતિથિસંવિભાગ, પૌષધવિધિ એ સર્વે - ચારે મળી શિક્ષાવ્રત કહેલાં છે.

**સૂત્ર–૬ થી ૯ (બાલ પંડિત મરણ)**

૬. ઉતાવળું મરણ થવાથી, જીવિતની આશા ન તૂટવાથી, સ્વજનોએ રજા ન આપવાથી, છેવટની સંલેખના કર્યા વિના...

૭. શલ્યરહિત થઈ, પાપની આલોચના કરીને, પોતાના ઘેર, સંથારે આરૂઢ થઈને જો દેશ વિરત થઈ મરે તો તે **બાલ પંડિત મરણ** કહેવાય છે.

૮. જેનો વિધિ ભક્તપરિજ્ઞા પ્રકીર્ણક આગમમાં વિસ્તારથી બતાવેલો છે, તે નક્કી બાલપંડિત મરણને વિશે યથાયોગ્ય જાણવો.

૯. તેની કલ્પોપપન્ન વૈમાનિકને વિશે નિયમથી ઉત્પત્તિ થાય છે, નિશ્ચે કરીને તે સાતમા ભવે સિદ્ધ થાય છે.

**સૂત્ર–૧૦ (પંડિત મરણ)**

અરિહંત શાસનમાં આ બાલપંડિતમરણ કહેલ છે. હવે હું **પંડિત મરણને** સંક્ષેપમાં કહીશ.

**સૂત્ર–૧૧**

હે ભગવન ! હું ઉત્તમાર્થને સાધવા અર્થાત અનશન કરવાને ઇચ્છુ છું.

હું ભૂતકાળના, ભાવિમાં થનારા અને વર્તમાનના પાપ વ્યાપારને પ્રતિક્રમુ છું.

કરેલા, કરાવેલા અને અનુમોદિત પાપને પ્રતિક્રમુ છું.

મિથ્યાત્વ, અસંયમ કષાય અને પાપપ્રયોગને પ્રતિક્રમુ છું.

મિથ્યાદર્શનના પરિણામને વિશે, આલોક કે પરલોકને વિશે, સચિત્ત કે અચિત્તને વિશે તથા પાંચ ઇન્દ્રિયોના વિષયમાં –

અજ્ઞાન, અનાચાર, કુદર્શન, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મોહ, ઇચ્છા, મિથ્યા, મૂર્ચ્છા, શંકા, કાંક્ષા, ગૃદ્ધિ કે ગૃહ, આશંસા, તૃષ્ણા, ક્ષુધા, પંથ, પંથાન, નિદ્રા, નિયાણુ, સ્નેહ, કામ, કલુષતા, કલહ, યુદ્ધ, નિયુદ્ધ, સંગ, સંગ્રહ, વ્યવહાર, ક્રય-વિક્રય, અનર્થદંડ, આભોગ, અનાભોગ, ઋણ, વેર, વિતર્ક, હિંસા, હાસ્ય, પ્રહાસ્ય, પ્રદ્વેષ, પુરુષ, ભય, રૂપ, આત્મપ્રશંસા, પરનિંદા, પરગર્હા, પરિગ્રહ, પરપરિવાદ, પરદૂષણ, આરંભ, સંરંભ, પાપાનુમોદન, અધિકરણ, અસમાધિ

મરણ, ગાઢ કર્મોદય, ઋદ્ધિગારવ, રસગારવ, શાતાગારવ, અવિરતિ, અમુક્તિમરણ.

ઉક્ત અજ્ઞાનાદિ બધું ચિંતવતા,

દિવસ કે રાત્રિ સંબંધી, સૂતા કે જાગતા ઉત્તમાર્થના વિષયમાં કંઈ પણ અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર થયા હોય તેનું મિચ્છામિ દુક્કડમ્.

### સૂત્ર–૧૨, ૧૩

**૧૨**. જિનવર–વૃષભ વર્દ્ધમાન સ્વામીને તથા ગણધર સહિત બાકીના બધા તીર્થંકરોને હું નમસ્કાર કરું છું.

**૧૩**. હવે હું સર્વ પ્રાણીઓનો આરંભ, અસત્ય વચન(જુઠું બોલવું), સર્વ અદત્તાદાન(ચોરી), મૈથુન અને પરિગ્રહના પચ્ચક્ખાણ કરું છું.

### સૂત્ર–૧૪ થી ૧૮

**૧૪**. મારે બધા પ્રાણીઓ સમાન છે, મારે કોઈ સાથે વૈર નથી, હું વાંછાઓનો ત્યાગ કરીને હું સમાધિ રાખું છું.

**૧૫**. બધા પ્રકારની આહાર વિધિનો, સંજ્ઞા-ગારવ અને કષાયોનો અને સર્વે મમતાનો ત્યાગ કરું છું, બધાને ખમાવું છું.

**૧૬**. જો મારા જીવિતનો ઉપક્રમ (આયુષ્યનો નાશ)આ અવસરમાં હોય તો આ પચ્ચક્ખાણ અને વિસ્તારવાળી આરાધના મને થાઓ.

**૧૭**. સર્વ દુઃખ ક્ષય થયા છે જેમના એવા સિદ્ધોને તથા અરહંતોને નમસ્કાર થાઓ. જિનેશ્વરોએ કહેલ તત્ત્વની હું સદ્દહણા કરું છું અને પાપોનું હું પચ્ચક્ખાણ કરું છું.

**૧૮**. જેમના પાપો ક્ષય થયા છે, એવા સિદ્ધોને અને મહર્ષિઓને નમસ્કાર થાઓ. જે રીતે કેવળી ભગવંતોએ બતાવેલ છે, તે રીતે હું સંથારો સ્વીકારીશ.

### સૂત્ર–૧૯ થી ૨૪

**૧૯**. જે કંઈપણ ખોટું આચરેલ હોય, તે બધુ હવે હું ત્રિવિધે વોસિરાવુ છું. હવે સર્વ આગાર રહિત હું ત્રણ ભેદે (જ્ઞાન, ક્રિયા, શ્રદ્ધારૂપ સામાયિકનો સ્વીકાર કરુ છું.

**૨૦**. બાહ્ય-અભ્યંતર ઉપધિ, ભોજન સહિત શરીર આદિ, એ સર્વને ભાવથી, મન-વચન-કાયાથી વોસિરાવુ છું.

**૨૧**. એ રીતે સર્વ પ્રાણીઓના આરંભને, અસત્ય વચનને, સર્વ અદત્તાદાનને, મૈથુનને અને પરિગ્રહના હવે હું પચ્ચક્ખાણ કરું છું.

**૨૨**. મારે સર્વ પ્રાણી સાથે મૈત્રી છે, મારે કોઈ સાથે વૈર નથી, હું વાંછાઓનો ત્યાગ કરીને હું સમાધિ રાખું છું.

**૨૩**. રાગને, બંધને, પ્રદ્વેષને, હર્ષને, દીનભાવને, ઉત્સુકતાને, ભયને, શોકને, રતિને અને અરતિને હવે હું વોસિરાવું છું.

**૨૪**. નિર્મમત્વમાં ઉપસ્થિત એવો હું મમત્વનો ત્યાગ કરું છું, હવે મારે આત્મા જ આલંબનરૂપ છે, બાકી સર્વ પદાર્થોને હવે હું વોસિરાવું છું.

### સૂત્ર–૨૫ થી ૨૯

**૨૫**. મને જ્ઞાનમાં આત્મા, દર્શનમાં આત્મા, ચારિત્રમાં આત્મા, પચ્ચક્ખાણમાં આત્મા, સંયમ-યોગમાં પણ આત્મા (જ આલંબન) થાઓ.

**૨૬**. જીવ એકલો જાય છે, એકલો જ ઉપજે છે, એકલાને જ મરણ થાય છે અને કર્મ રહિત એકલો જ સિદ્ધ થાય છે.

**૨૭**. જ્ઞાન-દર્શન સહિત મારો આત્મા જ એક શાશ્વત છે, બાકીના બધા બાહ્ય ભાવો મારે સંબંધ માત્ર

સ્વરૂપવાળા છે.

૨૮. જેનું મૂળ સંયોગ - સંબંધ છે એવી દુઃખની પરંપરા આ જીવે પ્રાપ્ત કરી છે, તે સર્વે સંયોગ સંબંધને સર્વ ભાવથી - મન વચન કાયાથી હું વોસિરાવું છું.

૨૯. પ્રયત્ન (પ્રમાદ) વડે જે મૂળગુણ અને ઉત્તરગુણ મેં આરાધ્યા નહીં, તે સર્વેને હું નિંદુ છું, ભાવિ વિરાધનાને હું પ્રતિક્રમુ છું.

## સૂત્ર–૩૦ થી ૩૫

૩૦. સાત ભય, આઠ મદ, ચાર સંજ્ઞા, ત્રણ ગારવ, તેત્રીશ આશાતના અને રાગ-દ્વેષની હું ગર્હા કરું છું.

૩૧. અસંયમ, અજ્ઞાન, મિથ્યાત્વ તથા જીવ અને અજીવમાં સર્વ મમત્ત્વને હું નિંદું છું - ગર્હા કરું છું.

૩૨. નિંદવા યોગ્યને હું નિંદુ છું અને મને જે ગર્હવા યોગ્ય છે, તે (પાપો)ની ગર્હા કરું છું. તેમજ સર્વ બાહ્ય-અભ્યંતર ઉપધિને વોસિરાવું છું.

૩૩. જેમ વડીલ આગળ બોલતો એવો બાળક કાર્ય-અકાર્યને સરળપણે કહે છે, તેમ તે માયામૃષાવાદને મૂકીને પાપની આલોચના કરે.

૩૪. જ્ઞાન, દર્શન, તપ અને ચારિત્ર એ ચારેમાં અકંપ, ધીર, આગમ કુશલ, રહસ્યો ન કહેનાર ગુરુ પાસે આલોચના કરવી..

૩૫. રાગ કે દ્વેષથી, અકૃતજ્ઞતા કે પ્રમાદથી, હે પૂજ્ય ! મેં જે કંઈ પણ અયુક્ત કહ્યું હોય, તો તેને હું ત્રિવિધે ખમાવુ છું.

## સૂત્ર–૩૬ થી ૩૮

૩૬. મરણ ત્રણ પ્રકારે કહેલ છે – બાળમરણ, બાલ-પંડિત મરણ, પંડિત મરણ, કે જે મરણે કેવળી મરે છે.

૩૭. વળી જે આઠ મદવાળા, વિનષ્ટ બુદ્ધિવાળા અને વક્રભાવવાળા(માયાને ધારણ કરનારા) અસમાધિએ મરે છે, તેઓ નિશ્ચે આરાધક નથી.

૩૮. મરણ વિરાધતા (અસમાધિ મરણ વડે) દેવમાં દુર્ગતિ થાય, સમ્યક્ત્વ પામવું દુર્લભ થાય અને આગામી કાળે અનંતો સંસાર થાય.

## સૂત્ર–૩૯ થી ૪૬

૩૯. દેવની દુર્ગતિ કઈ ? અબોધિ શું ? શા હેતુથી મરણ થાય ? કયા કારણે જીવો અનંત-અપાર સંસાર ભમે ?

૪૦. મરણ વિરાધતા ૧.કંદર્પ, ૨.કિલ્બિષિક ૩.આભિયોગિક ૪.આસુરી અને ૫.સંમોહા(સ્થાન ભ્રષ્ટ રખડું) દેવ થાય. તે પાંચ દેવદુર્ગતિ થાય.

૪૧. અહીં મિથ્યાદર્શન-રત, નિયાણાપૂર્વક, કૃષ્ણલેશ્યા વાળા જે જીવો મરણ પામે, તેઓને બોધિ દુર્લભ થાય.

૪૨. સમ્યગ્દર્શનરત, નિયાણારહિત, શુક્લ લેશ્યાવાળા જીવો જે અહીં મરે, તેમને બોધિ સુલભ થાય.

૪૩. વળી જે ગુરુપ્રત્યનિક(ગુરુના શત્રુભૂત), બહુ મોહવાળા, શબલ દોષયુક્ત, કુશીલ, અસમાધિથી મરણ પામે, તેઓ અનંત સંસારી થાય.

૪૪. જિનવચનમાં અનુરક્ત, ભાવથી ગુરુનું વચન આદરનાર, શબલ દોષરહિત, અસંક્લિષ્ટ હોય, તે પરિત્ત (થોડા) સંસારવાળા થાય.

૪૫. જેઓ જિનવચનને જાણતા નથી, તે બિચારા બાળમરણે અને ઘણીવાર ઇચ્છારહિતપણે મરશે.

૪૬. શસ્ત્રગ્રહણ, વિષભક્ષણ, બળી મરવું, ડૂબી મરવું, અનાચાર અને અધિક ભાંડ સેવનારાઓ જન્મ-મરણની પરંપરા વધારે છે.

સૂત્ર–૪૭ થી ૫૨

૪૭. ઉર્ધ્વ, અધો, તીર્છાલોકમાં જીવે બાળમરણો કર્યા. હવે દર્શન, જ્ઞાને સહિત એવો હું પંડિત મરણે મરીશ.

૪૮. ઉદ્વેગ કરનારા જન્મ, મરણ, નરકની વેદનાઓને સંભારતો હમણા તું પંડિત મરણે મર.

૪૯. જો દુઃખ ઉત્પન્ન થાય તો સ્વભાવ થકી તેની વિશેષ ઉત્પત્તિ જોવી, સંસારમાં ભમતા હું શું-શું દુઃખ પામ્યો નથી? એ પ્રમાણે વિચારના કરવી.

૫૦. મેં સંસારચક્રમાં બધા પણ પુદ્‌ગલો ઘણી વખત ખાધા અને પરિણમાવ્યા, તો પણ હું તૃપ્તિ પામ્યો નહીં.

૫૧. તરણા અને લાકડાથી જેમ અગ્નિ, હજારો નદીઓથી જેમ લવણસમુદ્ર તૃપ્તિ પામતો નથી, તેમ કામભોગોથી આ જીવ તૃપ્તિ પામતો નથી.

૫૨. આહારના કારણે મત્સ્યો સાતમી નરકભૂમિમાં જાય છે, માટે સચિત્ત આહાર મન વડે કરીને પણ પ્રાર્થવા યોગ્ય નથી.

સૂત્ર–૫૩ થી ૫૮

૫૩. પૂર્વે અભ્યાસ કરેલ અને નિયાણારહિત થયેલો એવો હું મતિ અને બુદ્ધિથી વિચારીને, પછી કષાય રોકનારો હું જલદી મરણ અંગીકાર કરીશ.

૫૪. ચિરકાળના અભ્યાસ વિના, અકાળે અનશન કરનારા તે પુરુષો, મરણકાળે પૂર્વકૃત કર્મના યોગે પાછા પડે છે અર્થાત દુર્ગતિમાં જાય છે..

૫૫. તેથી ચંદ્રકવેધ્ય પુરુષવત્ હેતુપૂર્વક ઉદ્યમવાળા પુરુષોએ મોક્ષમાર્ગ સાધવા પોતાનો આત્મા જ્ઞાનાદિ ગુણોથી યુક્ત કરવો.

૫૬. તે મરણના અવસરે બાહ્ય (પૌદ્ગલિક) વ્યાપાર રહિત, અભ્યંતર (આત્મ સ્વરૂપ)ધ્યાનમાં લીન, સાવધાન મનવાળો દેહનો ત્યાગ કરે.

૫૭. રાગદ્વેષને હણીને, આઠ કર્મનો સમૂહનો નાશ કરીને, જન્મ અને મરણરૂપ અરહટ્ટને ભેદીને તું સંસારથી મૂકાઈશ.

૫૮. એ પ્રમાણે ત્રસ અને સ્થાવરને કલ્યાણ કરનાર, મોક્ષમાર્ગનો પાર પમાડનાર, જિનોપદિષ્ટ સર્વ ઉપદેશ ત્રિવિધે(મન–વચન–કાયાએ) હું સદ્દહું છું.

સૂત્ર–૫૯ થી ૬૨

૫૯. તે મરણના અવસરે અતિશય સમર્થ ચિત્તવાળાને માટે પણ બાર અંગરૂપ સર્વ શ્રુતસ્કંધનું ચિંતવન કરવાનું શક્ય નથી.

૬૦. વીતરાગના માર્ગમાં જે એક પણ પદથી મનુષ્ય વારંવાર વૈરાગ્ય પામે છે, તે પદનાં ચિંતવન સહિતનું મરણ તારે મરવા યોગ્ય છે.

૬૧. તે માટે મરણના અવસરમાં આરાધનાના ઉપયોગવાળો જે પુરુષ એક પણ શ્લોક ચિંતવતો રહે તે આરાધક થાય છે.

૬૨. આરાધનાના ઉપયોગવાળો, સુવિહિત(સારા આચારવાળો) આત્મા સારી રીતે (સમાધિ ભાવથી)મૃત્યુ પામી ઉત્કૃષ્ટથી ત્રણ ભવમાં મોક્ષ પામે છે.

સૂત્ર–૬૩

પહેલાં તો હું સાધુ છું, બીજું હું સર્વ પદાર્થોમાં સંયમવાળો છું, તેથી બધું વોસિરાવું છું,

આટલુ સંક્ષેપથી કહ્યું છે.

**સૂત્ર–૬૪ થી ૬૬**

૬૪. જિનવચન સુભાષિત અમૃતરૂપ અને પૂર્વે નહીં પામેલ એવું આત્મતત્ત્વ પામીને મેં શુભ ગતિનો માર્ગ ગ્રહણ કર્યો છે, તેથી હું મરણથી બીતો નથી.

૬૫. ધીરપુરુષે પણ મરવું પડે છે અને કાયરપુરુષે પણ મરવું પડે છે. બંનેએ પણ નિશ્ચયે મરવાનું છે, તો ધીરપણે મરવું એ નિશ્ચે સુંદર છે.

૬૬. શીલવાળાએ પણ મરવું પડે, શીલ વગરનાએ પણ મરવું પડે, બંનેએ નિશ્ચે મરવાનું છે, તો શીલપણે મરવું સુંદર છે.

**સૂત્ર–૬૭, ૬૮**

૬૭. જે કોઈ ચારિત્ર સહિત જ્ઞાનમાં, દર્શનમાં અને સમ્યક્ત્વમાં સાવધાનપણું (પ્રયત્ન) કરશે, તે વિશેષે કરી સંસાર થકી મૂકાશે.

૬૮. ઘણા કાળ સુધી બ્રહ્મચર્ય સેવનાર બાકીના કર્મનો નાશ કરીને, સર્વ ક્લેશોનો નાશ કરીને, અનુક્રમે શુદ્ધ થયેલો સિદ્ધિમાં જાય છે.

**સૂત્ર–૬૯, ૭૦**

૬૯. કષાયરહિત, દાંત(પાંચે ઇન્દ્રિયો અને મનને દમન કરનાર), શૂરવીર, ઉદ્યમવંત તથા સંસારથી ભયભ્રાંત થયેલા આત્માનું પચ્ચક્ખાણ શુભ થાય છે.

૭૦. આ પચ્ચક્ખાણ જે મરણના અવસરે કરશે, તે ધીર અને અમૂઢ સંજ્ઞ, શાશ્વત સ્થાને જશે.

**સૂત્ર–૭૧**

ધીર, જરા-મરણને જાણનાર, વીર, જ્ઞાન-દર્શન સહિત, લોકમાં ઉદ્યોતકર, સર્વ દુઃખોનો ક્ષય બતાવનારા થાઓ.

## આતુરપ્રત્યાખ્યાન–પ્રકીર્ણક સૂત્ર–૨ નો
## મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603 + DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| [૧] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि–मूलं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि–मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि–मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [૨] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र–गुजराती अनुवाद–मूळ** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र–इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र–गुजराती अनुवाद–सटीक** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [૩] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र–सटीकं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति–**1 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति–**2 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603 + DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**-1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**-2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा-कोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603 + DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम–मूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम–सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र–गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

**દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000**

**આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070**

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD તેના કુલ પાના [27,930] |

**અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000**

**અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે**

વેબ સાઈટ:– 1. www.jainelibrary.org 2. deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:– jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397

સંપર્ક:– મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ

"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે–ટચ

Post: - ઠેબા, Dis:–જામનગર, ગુજરાત, India. [Pin- 361120]

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

आगम- २५

# આતુરપ્રત્યાખ્યાન

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


'વેબ સાઈટ:– 1) www.jainelibrary.org 2) deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઇલ 09825967397